દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ


સોમવાર ૯ નવેમ્બર, ૨૦૨૬

નવા વર્ષમાં વિકાસ જરૂરી પણ પર્યાવરણના ભોગે નહીં

દેશમાં શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને વાહનોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, પરંતુ તેની સાથે હવાનું પ્રદૂષણ પણ ગંભીર સમસ્યા બની રહ્યું છે. આજે દેશનાં અનેક શહેરોમાં શુદ્ધ હવા મેળવવી મુશ્કેલ બની છે. હવા પ્રદૂષણ હવે માત્ર દિલ્હી, મુંબઈ કે કોલકાતા જેવાં મહાનગરો પૂરતી મર્યાદિત રહ્યું નથી, પરંતુ નાના શહેરો અને ઔદ્યોગિક વિસ્તારોમાં પણ તેની અસર જોવા મળી રહી છે. ખાસ કરીને શિયાળાની ઋતુમાં હવામાં પ્રદૂષક કણોનું પ્રમાણ વધતાં લોકો માટે શ્વાસ લેવો પણ મુશ્કેલ બની જાય છે. દેશમાં હવા પ્રદૂષણની સ્થિતિ સમજવા માટે એક બાબત ધ્યાનમાં લેવી જરૂરી છે. દરરોજનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) બદલાતો રહે છે, જ્યારે લાંબા ગાળાના પ્રદૂષણના આધારે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) દ્વારા ઓળખવામાં આવેલા નોન-એટેઇનમેન્ટ શહેરોની યાદી અલગ છે. એટલે કોઈ એક દિવસના AQIના આધારે દેશનાં કુલ પ્રદૂષિત શહેરોની સંખ્યા નક્કી કરી શકાય નહીં. 229 શહેરોમાંથી 190 શહેરોમાં PM10નું જોખમી પ્રમાણ 9 જાન્યુઆરી, 2026ના રોજ Centre for Research on Energy and Clean Air (CREA)ના અહેવાલમાં રજૂ થયેલા 2025ના આંકડા ચિંતાજનક છે. ભારતમાં પૂરતા મોનિટરિંગ ડેટા ધરાવતા 229 શહેરોમાંથી 190 શહેરોમાં PM10નું પ્રમાણ રાષ્ટ્રીય હવા ગુણવત્તા ધોરણ કરતાં વધારે નોંધાયું હતું. એ જ રીતે PM2.5ના પૂરતા ડેટા ધરાવતા 231 શહેરોમાંથી 103 શહેરોમાં તેનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં વધારે હતું. PM2.5 એટલે અત્યંત સૂક્ષ્મ ધૂળકણો, જે ફેફસાંની અંદર સુધી પહોંચી શકે છે. આ સ્થિતિ વચ્ચે કેન્દ્ર સરકારે નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) હેઠળ દેશનાં 130 શહેરોને આવરી લીધાં છે. જુલાઈ 2026માં રાજ્યસભામાં રજૂ કરાયેલી માહિતી મુજબ, નાણાકીય વર્ષ 2025-26માં આ 130 શહેરોમાંથી 65 શહેરો PM2.5ના રાષ્ટ્રીય ધોરણને પૂર્ણ કરી શક્યાં હતાં. જ્યારે PM10ના ધોરણને પૂર્ણ કરનારાં શહેરોની સંખ્યા માત્ર 14 હતી. એટલે કે પ્રદૂષણ ઘટાડવા માટેના પ્રયાસો છતાં મોટાભાગનાં શહેરોમાં હજુ ઘણું કામ કરવાનું બાકી છે. હવા પ્રદૂષણનું સૌથી મોટું કારણ વાહનોમાંથી નીકળતો ધુમાડો છે. દેશનાં શહેરોમાં વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. પેટ્રોલ અને ડીઝલથી ચાલતાં વાહનોમાંથી નીકળતાં નાઇટ્રોજન ઓક્સાઇડ, કાર્બન મોનોક્સાઇડ અને અન્ય પ્રદૂષકો હવાની ગુણવત્તા બગાડે છે. ટ્રાફિક જામમાં વાહનો લાંબા સમય સુધી ચાલુ રહેતાં પ્રદૂષણની સમસ્યા વધુ ગંભીર બને છે. બીજું મોટું કારણ ઔદ્યોગિક એકમો અને થર્મલ પાવર પ્લાન્ટ છે. કોલસા, ડીઝલ અને અન્ય ઈંધણના વપરાશથી સલ્ફર ડાયોક્સાઇડ, નાઇટ્રોજન ઓક્સાઇડ અને સૂક્ષ્મ રજકણો હવામાં ભળે છે. ઔદ્યોગિક વિસ્તારોની આસપાસ રહેતા લોકો પર તેની સીધી અસર પડે છે. ત્રીજું કારણ બાંધકામ પ્રવૃત્તિ અને રસ્તાઓની ધૂળ છે. શહેરોમાં સતત ચાલતાં મકાનો, કોમર્શિયલ સંકુલો, રસ્તાઓ અને ફ્લાયઓવરના બાંધકામ દરમિયાન ઊડતી ધૂળ હવામાં ભળે છે. રસ્તાઓની નિયમિત સફાઈ ન થવી, ખુલ્લી જમીન અને બાંધકામ સામગ્રી ઢાંક્યા વગર રાખવી પણ પ્રદૂષણ વધારે છે. આ ઉપરાંત ખેડૂતો દ્વારા પરાળ બાળવી, કચરો સળગાવવો, લાકડાં અને બાયોમાસનો બળતણ તરીકે ઉપયોગ કરવો, લેન્ડફિલ સાઇટ પર લાગતી આગ અને ડીઝલ જનરેટર પણ હવા પ્રદૂષણમાં વધારો કરે છે. વિશ્વ બેંકના અહેવાલ મુજબ PM2.5ના કેટલાક પ્રદૂષકો હવામાં વિવિધ વાયુઓની રાસાયણિક પ્રક્રિયાથી પણ બને છે અને પવન સાથે એક રાજ્યમાંથી બીજા રાજ્ય સુધી ફેલાય છે. ગુજરાતમાં પણ આ સમસ્યા ગંભીર બની રહી છે. સુરત જેવા ઔદ્યોગિક અને ઝડપથી વિકસતા શહેરમાં વાહનોની સંખ્યા, ટેક્સટાઇલ અને અન્ય ઔદ્યોગિક એકમો, બાંધકામની ધૂળ તથા રસ્તાઓ પરની રજકણો હવાની ગુણવત્તા સામે પડકાર ઊભો કરે છે. જોકે સુધારાનાં પ્રયાસો પણ થયા છે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા 2025-26ના આંકડા મુજબ સુરતમાં PM2.5નું વાર્ષિક સરેરાશ પ્રમાણ 32 માઇક્રોગ્રામ પ્રતિ ઘનમીટર નોંધાયું હતું, જે 40ના રાષ્ટ્રીય ધોરણ કરતાં ઓછું છે.

રમણ સોનીના સંપાદનમાં એક સજ્જ સમીક્ષાદૃષ્ટિ વાર્ષિક ગ્રંથની ઉપલબ્ધિ

વાર્ષિક ગ્રંથ તરીકે પ્રગટ થતા 'સમક્ષ'નું આ બીજું જ વર્ષ છે છતાં 'સમક્ષ ૨૦૨૫'ની પ્રતીક્ષા પૂરા એક વર્ષ સુધી રહી. વર્ષભર વિવિધ સ્વરૂપોમાં જે કાંઈ પુસ્તક સ્વરૂપે પ્રગટ થાય છે તેની સમુચિત તપાસ થતી રહેવી જોઈએ. ગુજરાતી સાહિત્ય પરિષદે રમણ સોની જેવા ઉત્તમ વિવેચક અને 'પ્રત્યક્ષ'ના પ્રતિષ્ઠિત સંપાદકને આ વાર્ષિક ગ્રંથના સંપાદક તરીકે નિમંત્યા અને હવે '૨૦૨૪ સમક્ષ' પછી '૨૦૨૫ સમક્ષ' ઉપલબ્ધ છે. પ્રથમ વાર્ષિક-ગ્રંથનાં ૨૬૬ પૃષ્ઠ હતાં અને બીજાનાં ૩૪૦ પૃષ્ઠ છે. પ્રથમ ગ્રંથમાં ૮૨ ગ્રંથોની સમીક્ષા હતી અને બીજામાં ૧૦૨ ગ્રંથની સમીક્ષા છે. પ્રથમમાં કવિતા, કવિતાઃ અનુવાદ, ટૂંકી વાર્તા, નવલકથા, નવલકથાઃ અનુવાદ, આત્મકથા, નિબંધ, પ્રવાસ, વિવેચન, સંશોધન, વિવેચન, સંશોધન- અનુવાદ, વ્યાપક (સંદર્ભ-ભા.ષા.ઉચ્ચ.૨, વિમર્શ, ચિંતન, સંપાદન) જેવા પ્રકારો સમાવાયા હતા. સાથે બાળસાહિત્ય (બાળકાવ્યો, બાળવાર્તા) ઉમેરાયું છે. રમણ સોની જેવા જ્યારે વર્ષભરમાં પ્રગટ થતાં સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાના ગ્રંથનું સંપાદન કરતા હોય તો જે સંપાદકીય પેટર્ન ઊભી કરી તે પણ અભ્યાસનો મુદ્દો બને. આવા સમીક્ષાના વાર્ષિક ગ્રંથે આખા વર્ષમાં જે કાંઈ સાહિત્યગ્રંથ પ્રગટ થયા હોય તે બધાંને જ આવરી લે એવું ન હોય. પરંતુ જે કોઈ પુસ્તકો પ્રગટ થયાં હોય તેમાંના મહત્ત્વના અને મહત્તમ ગ્રંથો આવરી શકાયા હોય તો પૂરતું છે. સંપાદકે પ્રથમ ગ્રંથ વેળા જ પોતાની ભૂમિકા સ્પષ્ટ કરેલી કે, "સામ્પ્રત વડે ગુજરાતી સાહિત્યનું એક સ્પષ્ટ અને બહુપરિમાણી ચિત્ર ઉપસાવવું છે." બીજા ગ્રંથમાં આ ભૂમિકાનું વધારે સઘનભાવે વિસ્તરણ-સંકલન થયું છે. ૧૬ કાવ્યસંગ્રહોમાં ધીરેન્દ્ર મહેતા (શાહમૃગ) ભરત વિંઝુડા (સ્વપ્નસુખ) સિવાયના કવિ એવા છે જે બે-અઢી દાયકાથી કાવ્યક્ષેત્રે પ્રવૃત્ત હોય. કાનજી પટેલ, બાબુ સુથાર, રમણ વાઘેલા ચારેક દાયકાથી લખે છે પણ પીયૂષ ઠક્કર, રાધિકા પટેલ, યોગેશ વૈદ્ય જેવાને આગલી પેઢીના કહી શકાય. અહીં એવી પેઢી વિભાજન સમીક્ષા નથી પણ અનુક્રમ જોતાં જે તરત તારવી શકાય એવાં લક્ષણ પૈકી આ એક છે. કવિતા ક્ષેત્રે ગઝલસંગ્રહો તો વધારે પ્રગટ થતા હશે પણ અંકે કવિતાના સ્વરૂપ-વૈવિધ્ય પર ધ્યાન આપી આખા વિભાગનું સ્વરૂપ પસંદગી ઔચિત્ય બક્ષ્યું છે. જે કવિઓના કાવ્યસંગ્રહો વિશે લખાયું છે તેમાં સંગ્રહો પ્રમાણે પસંદ કરાયેલા વિવેચકોમાં પણ એક દૃષ્ટિ છે એટલે જ બાબુ સુથારના કાવ્યસંગ્રહને મણિલાલ હ. પટેલ પ્રવાહદર્શિનની પુખ્તદૃષ્ટિ અને શાર્પ વિવેચનભાષાથી તપાસે ત્યારે કવિતાની ભાષા, અભિવ્યક્તિની, એકાધિક મર્યાદા તારવી આપે છે. પ્રશ્ન થશે કે બાબુ સુથાર જે દાર્શનિક અભિગમ અપનાવી માણસની કથા-વ્યથા આલેખે છે તેમાં નાવીન્ય શું છે? તેમનાં કાવ્યોની દુર્બોધતા ઊંડી સંકુલતાને કારણે છે કે, આને કવિની સમગ્ર સંયોજનની મર્યાદા કહેવાય? કે જ્યાં પહોંચવું છે તે જીવનતત્ત્વ કે દર્શન સુધી સાવયવ કાવ્યસિદ્ધિ સાથે નથી પહોંચી શકાતું. એનો સ્વીકાર કરવો જોઈએ.' મણિલાલ હ. પટેલે વિવેચનદૃષ્ટિની પુખ્તતા સાથે કાવ્યલેખનના મૂળભૂત પ્રશ્નો ઊભા કરે છે. ચંદુ મહેરિયાએ રમણ વાઘેલાના 'અમથેઅમથું' કાવ્યસંગ્રહને તપાસ્યો છે પણ તરત સમજાશે કે તેઓ પાસે વિવેચનની ભાષાનાં મર્યાદિત ઓજારો છે પણ જે કવિતાઓ છે તે વિવેચનની સમ-સંવેદનશીલ ભાવક-વિવેચકની અપેક્ષા રાખે છે. પણ તેઓ 'મહાભારતનો પટ પણ નાનો પડે તેટલાં દુઃખો દલિતો સહે છે' જેવા વિધાનથી બચી શકાતા હોત. વિવેચનમાં આવાં વિધાનોનું ઔચિત્ય નથી. રમણ વાઘેલા દલિત કવિતાનું પ્રતિનિધિત્વ કરે છે. ચંદુભાઈ તેમનાં કાવ્યોમાં રહેલા પ્રશ્નો અને રાજકીય, સામાજિક ભૂમિકાથી પ્રગટ થતી વેદના અને ચિંતનનું મર્મભેદન કરે છે. ગીત-ગઝલમાં ખીલતા કવિનું અપઘાગદ્ય બહુ ધારદાર નથી એવા નિરીક્ષણ પછી છેલ્લે દલિત સાહિત્ય શું ઝંખે છે એની વાત નાગરિક સમાજ સામે મૂકી છે. કાનજી પટેલના કાવ્યસંગ્રહ વિશે પ્રાગજીભાઈ ભામ્ભીએ લાંબાપટે લખ્યું છે અને કાનજી પટેલની આદિવાસી, ગ્રામીણ, વંચિતો પ્રત્યેની મૂલ્યનિષ્ઠ પ્રતિબદ્ધતાને મહત્ત્વના કાવ્ય ઉદાહરણ વડે ઉપસાવી આપી છે. પીયૂષ ઠક્કરના કાવ્યસંગ્રહને પારુલ કંદર્પ દેસાઈએ સમીક્ષ્યો છે. પોતાને જે કવિતાઓ વડે કહેવાનું લાગ્યું એ કવિતા વિશે વાત માંડી છે ને (આ કવિ કેમ ઓછી કવિતા લખે છે એવો પ્રશ્ન થાય કારણ કે આછા અજવાળાં પણ એમણે શબ્દની જે રીતે ઉપાસના કરી છે એમાં નક્કર, ટકોરાબંધ અવાજ સંભળાય છે થી સમાપન કર્યું છે. થાય કે વિવેચનમાં આવાં ભાવુક વિધાનોથી બચવું જોઈએ. 'સમક્ષ ૨૦૨૫'માં ૧૬ વાર્તસંગ્રહો વિશે લખાયું છે ને અન્ય સ્વરૂપોથી વધુ વાર્તામાં કામ થવાનું જણાશે. વિવેચકોની પસંદગીમાં શરીફા વીજળીવાળાની ગેરહાજરી ખટકે છે કારણ કે કિરીટ દૂધાતની જેમ વાર્તાવિવેચનમાં તેઓ સતત કામ કરે છે. આ વિભાગમાં મધુરાય, વર્ષા અડાલજાથી માંડી બિપીન પટેલ, ભારતી રાણેના પેઢીક્રમે વર્તમાન પેઢીના વાર્તસંગ્રહો વિશે લખાયું છે. વિવેચકોની પસંદગીમાં રવીન્દ્ર પારેખ, કિરીટ દૂધાત, નરેશ શુક્લ, મોહન પરમારથી માંડી અંકિત મહેતા, કિશન પટેલ, મનાલી જોશી, જાનકી શાહ જેવા નવાં વિવેચકો પણ છે. 'સમક્ષ'ના સંપાદકે આ સંપાદનમાં જે તે સ્વરૂપનાં નવાં પુસ્તકો સાથે નવાં વિવેચકોને પણ ઓળખાવી આપવાની સમ્યક્ દૃષ્ટિ દાખવી છે. આ વાર્ષિક ગ્રંથમાં બાર અનુવાદ-ગ્રંથ વિશે હિમાંશી શેલત, કાન્તિ પટેલ, વીનેશ અંતાણી, રાકેશ દેસાઈ, હેમંતકુમાર શાહ, ઉર્વશી કોઠારી, રાજેન્દ્રસિંહ જાડેજા અને લિપિ કોઠારી, રાઘવ ભરવાડ સહિતનાં સમીક્ષકોએ વાત કરી છે. અનુવાદકોમાં દિલીપ ઝવેરી, વીનેશ અંતાણી, હિમાંશી શેલત, ઉર્વશી કોઠારી, મીનલ દવે સાથે અશ્વિન ચંદારાણા, યામિની પટેલ, ગણપત વણકર જેવાનાં નામ-કામ વાંચતાં થાય કે અનુવાદક્ષેત્ર સમૃધ્ધ છે. અનુવાદસમીક્ષામાં ત્રણ તો ગુજરાતમાંથી અંગ્રેજીમાં અનુદિત ગ્રંથો છે. દિલીપ ઝવેરી સ્વયં કવિ છે અને રમણિક સોમેશ્વરની કવિતાના અનુવાદ કરો તો હિમાંશી શેલત કરી શકે, સીધાસાદા તોયે અર્થગર્ભ શબ્દોનું અને ખંડિત પંક્તિઓનું લાલિત્ય અંગ્રેજી પ્રતિરૂપમાં જળવાયું છે એનું કારણ પણ આ સર્જકસ્પર્શ! અને 'આ કાવ્યો અલંકારવિહોણી સરળ કાવ્યબાનીમાં રચાયા છે છતાં એનો પ્રભાવ ઊંડો છે' એવું નિરીક્ષણમાં કવિની સંરચના તપાસવા સાથે અનુવાદક માટેની કેટલીક સરળતા પણ વાંચે છે. (રમેશ પારેખ, ગુલામ મોહમ્મદ શેખની કવિતાના અનુવાદોનો પડકારો જે કરે તે જાણે).



પુસ્તકઃ સમીક્ષા ૨૦૨૫ (*સંપાદન*), **સંપાદકઃ** રમણ સોની **પ્રકાશકઃ** ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, નદી કિનારે, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ **કિંમતઃ ₹.૫૦૦/-**

અહીં બધી જ સંપાદિત સામગ્રી વિશે ન લખી શકાય પણ જે દશ નવલકથાઓ વિશે લખાયું છે તેમાં વર્ષા અડાલજા, ધ્રુવ ભટ્ટ છે અને જયશ્રી ચૌધરી, ભારતી રાણે જેવા પ્રથમ નવલકથા લખનારની કૃતિ વિશે બિન્દુ ભટ્ટ, મોહન પરમાર, મીનલ દવે, કિરીટ દૂધાત સાથે ઉર્વી તેવાર, રાઘવ ભરવાડ, પરીક્ષિત જોશી, કેસર મકવાણા, અઝીઝ છરેચા પાસે લખાવ્યું છે. પ્રવાહદર્શીનો ઉપક્રમ નથી એટલે એ પ્રકારનાં સમીક્ષાત્મક નિરીક્ષણો ન હોઈ શકે પણ કૃતિતપાસ દરમિયાન જે કાંઈક જૂદી કૃતિ પામ્યાનો આનંદ ભાવક પક્ષે નોંધાય તે અપેક્ષિત રહે. રાઘવ ભરવાડે 'શાતરૂપા' નવલકથા પરિપ્રેક્ષ્ય વિભાજન વડે સઘન-રીતે તપાસી છે ને તેમાં 'બત્રીસ પ્રકરણ અને ૧૮૦ પૃષ્ઠ ધરાવતી આ નવલકથામાં ૩૮૦થી વધુ (વ્યાકરણગત) ભૂલો જોવા મળે છે' પણ સાથે જ 'ગુજરાતી સાહિત્યમાં ઈતિહાસ, લોકવાયકા અને રહસ્યકથાને એકસાથે ગૂંથવાની પરંપરા બહુ વિશાળ નથી. આવા સમયનો એકતા નીરવ દોશી પ્રમાણમાં સારી કહી શકાય એવી નવલકથા આપણને આપે છે' જેવા સમાપનવિધાને વિવેચક આપણને એક વર્તુળ પૂરું કરતો જણાશે. વિવેચનના અગિયાર ગ્રંથોમાં ચન્દ્રકાન્ત ટોપીવાળા, મણિલાલ હ. પટેલ, હર્ષદ ત્રિવેદી, કાનજી પટેલ છે તો નવોદિત વિવેચક ઉર્વિક પટેલ, મનોજ માહ્યાવંશીના ગ્રંથની સમીક્ષા છે. મનોજ માહ્યાવંશીમાં ખરેખર જ 'માહિતીનું પ્રાચુર્ય, પરિપક્વતાની ઊણપ' છે. સેજલ શાહે આ ગ્રંથને સરસ રીતે તપાસ્યો છે. કાનજી પટેલની 'અવળી ઘંટી'નો રાજેશ પંડ્યાએ ઝીણું દળ્યા છે અને સર્જકતાને લોકસંસ્કૃતિ, સાંસ્કૃતિક જીવનમૂલ્યો વડે તપાસતાં વિવેચનનો પરિચય કરાવ્યો છે. ગુજરાતી વિવેચનમાં કાનજી પટેલ વડે જે નવોન્મેષ પ્રગટ્યો છે તે પ્રસન્નકર છે. વાર્ષિક ગ્રંથમાં ગ્રંથો વિશે જે સમીક્ષકોએ વાત કરી તેનો સમગ્રતાથી પરિચય અહીં અસંભવ છે પણ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પ્રવૃત્ત દરેક સર્જક - ભાવક - વિવેચકો માટે આ અનિવાર્યપણે વસાવવા સમો ગ્રંથ છે. રમણ સોની જેવા 'પ્રત્યક્ષ'ના સંપાદક ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાના વાર્ષિકીના સંપાદનમાં કેવું વ્યવસ્થાપન વિચારે છે, વિભાજીકરણ કરો છે ને અભિગમ દાખવે છે તે પણ સંપાદકો માટે ઉદાહરણીય બને તેમ છે. જોડણીદોષોથી મુક્ત રાખવાની ચીવટ, દરેક લેખને યોગ્ય અને ટૂંક શીર્ષક અને વિવેચકને સામગ્રીની સમીક્ષા વિશે અપાયેલાં ધોરણો અહીં દરેક લેખમાં વર્તાય છે. હા, રઘુવીર ચૌધરી, શિરીષ પંચાલ, સિતાંશુ યશશ્ચંદ્ર, ધીરેન્દ્ર મહેતા, દર્શના, ધોળકિયા, દીપક મહેતા, કમલ વોરા, જેવાની વિવેચનો-સમીક્ષા પણ અહીં અપેક્ષિત હતી. ખેર, રમણ સોની 'સમક્ષ' વડે વાર્ષિકી સંપાદનની એક અપનાવવા પરંપરા રચી રહ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદના આવા વાર્ષિક-સમીક્ષા ગ્રંથના પ્રકલ્પને વિચારી અમલમાં મૂકવા માટે અભિનંદન પાઠવવા જોઈએ. આ તેમની જવાબદારી પણ છે.

અક્ષરની આરાધના

સંપાદનઃ બકુલ ટેલર

આજનો શબ્દ છે : ઈતરાજી

આપણે જેને ગુજરાતી શબ્દો તરીકે ઓળખીએ છીએ તેમાંના ઘણા તો પરદેશી મૂળના છે. આ 'ઇતરાજી' શબ્દ મૂળ અરબી ભાષામાંથી ફારસી અને ઉર્દૂ થઈને ગુજરાતીમાં આવ્યો છે. અરબીમાં 'ઇતરાજ' શબ્દ છે જેનો અર્થ થાય વાંધો, વિરોધ, નુક્તેચીની (હમણાં નુક્તેચીની શબ્દની વ્યુત્પત્તિ ન પૂછશો). અરબીમાં તેનો મૂળ ધાતુ 'અર્ઝ' છે એટલે કે પ્રગટ કરવું, આડો આવવું. જ્યારે કોઈ બાબતમાં વાંધો ઉઠાવવો હોય તો આડા ઊભા રહ્યા કહેવાય. તેને 'ઇતિરાજ' કહેવાય. તેમાં પછી 'ઈ' પ્રત્યય લગાડવાથી ભાવવાચક સંજ્ઞા 'ઇતરાજી' બની. ગુજરાતીમાં સમય જતાં આ શબ્દનો અર્થ થોડો વ્યાપક બન્યો. નાખુશી કે અપ્રસન્નતાને પણ ઇતિરાજી કહેવાય. કોઈ મોટા માણસ કે અધિકારી ગુસ્સાભરી નજરે જુએ તોય કહીએ કે સાહેબની ઇતરાજી વહોરવી પડી. એક શબ્દ કેવી કેવી યાત્રા કરે છે અને પોતાનામાં અર્થવિસ્તાર કરતા રહે છે તે જાણવું સાચે જ રોમાંચક છે. આપણા દેશના અનેક દેશો જોડે વ્યવહાર રહ્યા છે ને પરદેશીઓ ભારતમાં આવી વસ્યા છે તેના કારણે પણ અનેક શબ્દો આવ્યા યા ઘડાયા છે. શબ્દ પણ કેવા કેવા ઇતિહાસ, સમાજશાસ્ત્ર ઘરાવે છે.

વચન

પ્રેમમાં પડનારાં લોકો માટે ગુરુત્વાકર્ષણ જવાબદાર નથી હોતું.
આલ્બર્ટ આઇન્સ્ટાઇન

તમે પ્રેમને ક્યારેય ભૌતિકશાસ્ત્રના નિયમોથી સમજાવી ન શકો.
આલ્બર્ટ આઇન્સ્ટાઇન

જો લોકો અમારા વિચારોને સાંભળી શક્યા હોત તો આપણામાંથી બહુ ઓછા લોકો પાગલખાનામાં બંધ થવાથી બચી શક્યા હોત.
જેસિન્ટો જેનાવેન્ટ
(કવિ, ૧૯૨૨માં નોબેલ)

આપણો શયતાનનો પક્ષ તો ક્યારેય સાંભળ્યો જ નથી, બધી કહાણી તો ઈશ્વરે જ લખી છે.
આનાતોલ ફ્રાંસ (૧૯૨૧માં નોબેલ)

હું પૂછું, તમે કહો

૧) ગુજરાતી ભાષાના એ સુપ્રસિદ્ધ કવિ જેઓ ખ્રિસ્તી થયા હતા.
(ક) કલાપી (ખ) બ. ક. ઠાકોર
(ગ) અમૃત 'ઘાયલ' (ઘ) કાન્ત

૨) ભારતીય વિદ્યા ભવન તરફથી પ્રગટ થતાં ખૂબ જ લોકપ્રિય સામયિકનું નામ શું છે?
(ક) કુમાર (ખ) ચિત્રલેખા
(ગ) નવનીત સમર્પણ (ઘ) અખંડ આનંદ

૩) જલાલુદ્દીન સઆહુદ્દીન અલવી કે જે ખૂબ જ લોકપ્રિય ગઝલકાર હતા પણ તેઓ આ નામથી વધુ તેમના ઉપનામથી મશહૂર હતા. એ ઉપનામ કયું?
(ક) વ્રજ માતરી (ખ) વાસિફ અલવી
(ગ) સૈફ પાલનપુરી (ઘ) જલન માતરી

૪) જાણીતા નિબંધકાર ગુણવંત શાહે કુલ કેટલી શિક્ષણસંસ્થાઓમાં પ્રવક્તા, પ્રાધ્યાપક તરીકે સેવા આપી છે?
(ક) ૨ (ખ) ૭
(ગ) ૫ (ઘ) ૪


૫) હરકિસન મહેતા જેવા અત્યંત લોકપ્રિય નવલકથાકાર, તંત્રી જીવનનાં પાછલાં વર્ષોમાં કયા રોગથી પીડાતા હતા?
(ક) સોરાયસિસ (ખ) ડાયબિટિસ
(ગ) પ્રોસ્ટેટ (ઘ) હાઈ બ્લડ પ્રેશર

ક - h 'ાC - ૬ 'ાB - ૬ 'ાC - ૨ 'ાB - ૧

બાળકોને જેની સાથે ઉડવાનું મન થાય એવું 'પતરંગો'

મસ્ત મઝાનો લીલો ચટ્ટાક આંબો ઊગ્યો છે, ફેલાયો છે ચોમેર. તે ફરફરી રહ્યો છે પવનમાં, કેરીઓ લૂમેઝૂમે છે. એક ડાળી પરથી બીજી ડાળી પર ખિસકોલીઓ કૂદાકડા મારે છે. પોપટ પાન પાછળ છુપાઈને કેરી ટોચી રહ્યા છે. કાચિંડો કંઈક ભાળી ગયો હોય તેમ જીવડામગ્ન બેઠો છે, બાળકોની રંગબેરંગી કલ્લોલોની કોઈ અસર તેના પર નથી. થોડાંક બાળકો આંબા ફરતે પકડાપકડી રમી રહ્યાં છે, એક તોફાની બારકસ છોકરી તો ડાળી પર ઊંધી લટકી છે. બે ડોશીઓ પલામાં કેરી ભેગી કરી રહી છે. તો બીજી એક ડોશી તો આંબાની ઝૂલતી ડાળી પર બાળકોને લાકડીથી તડકાવતી બેઠી છે. ઝાડ પર ઘડિયાળ લટકે છે ને બપોરનો એક વાગ્યો છે. તેથી જ તડકો પણ બપોરિયો લીલેરો પીળો છે. આ કંઈ મેં જોયેલું દૃશ્ય નથી પણ શુભશ્રી માથુરે કરેલું ગુજરાતી બાળ સામયિક 'પતરંગો'ના પહેલા અંકનું રમતીલું, ગમતીલું, મોજીલું મુખપૃષ્ઠ છે. તેનું સંપાદન બંસી અને મિહિરે કર્યું છે અને તેના પ્રકાશક ખોજબીન મંડળીનાં મિત્રો છે. તેનો પહેલો ઉનાળુ અંક જૂન ૨૦૨૬માં પ્રગટ થઈ ચૂક્યો છે અને બીજો શિયાળુ અંક દિવાળીમાં પ્રગટ થવાનો છે. 'પતરંગો' બાળ સામયિક માટે નામ જ કેવું મઝાનું છે. પતરંગો (ગ્રીન બી ઈટર) નામના ઝીણાક પક્ષીમાં લીલો, જાંબલી, પીળો, ભૂરો, કથ્થાઈ અનેક રંગો આવીને મેઘધનુષ રચે છે. એવું જ બાળકોનું અને આ બાળકોનો આ મેગેઝીનનો પણ ખરું. તે ચિત્રો, વાર્તાઓ, કવિતાઓ, લેખ, ઉખાણાથી દરેક ઉંમરના બાળકના મનમાં રંગ અને અવાજના વિવિધ પતરંગા ઉડાવે છે.

બહુ જ સરળ શબ્દોમાં સંપાદકોએ સોંસરવી વાત "માની બોલીની અદ્ભુત રંગ રકાબી લાવ્યા રે..." ના નામે માંડી છે. શીર્ષક પણ મઝાનું. " જેમ ચાલતા - પકડતા શીખતું બાળક કેટલુંય ફેંકીને, ચાખીને, ભાંગીને અજમાવે- ચકાસે તેમ વાંચવા-લખવાનું શીખતાં બાળકને પણ ગાવા, સાંભળવા અને ફરી



જનાન્તિક શુકલ

ફરી માણવાલાયક પુષ્કળ સામગ્રીની જરૂર હોય છે. ...અમને 'ક્રિએટિવ, ક્રિટિકલ અને કન્ટેમ્પરરી' બાળ સાહિત્યનો અભાવ અને આવા સાહિત્ય માટેની બાળકોની ભૂખ - બંને સતત અનુભવાયાં છે." આજે જ્યારે અંગ્રેજી, હિંદી, મરાઠી અને બંગાળી ભાષામાં અનેરી, અવનવી, અદ્ભુત કવિતાઓ, વાર્તાઓ, ચિત્રવાર્તાઓ, કવિતાઓ, વાતો લખાય છે. તેનાં પુસ્તકો, મેગેઝીનો, ઝીનો (નાનાં મેગિઝીનો) પ્રગટ થાય છે ત્યારે ગુજરાતી ભાષા પાસે આવું નોખું સામયિક ન હોય તે કેવી અજબ જેવી વાત કહેવાય. તેથી જ આ સામયિક આ ખાલીપો પૂરવાની નેમ ધરાવે છે. તેમનું બીજું એક નિરીક્ષણ પણ નોંધનીય છે. "છેલ્લાં 30 વર્ષ જેટલા ટચુકડા ગાળામાં જીવન, શિક્ષણ અને ભાષાનાં પરિમાણો ખૂબ ઝડપથી બદલાયાં છે. ખાસ કરીને શહેરોમાં. પ્રકૃતિ સાથેનું જોડાણ સહજ પ્રાપ્ય નથી.પર્યાવરણ સાથે સંબંધ સ્થાપિત કરવા આ સામયિક શરૂ કર્યું છે. અનેક મથામણમાંથી નીકળેલો પ્રયોગ પીંડો એટલે પતરંગો." પતરંગો 30 પાનામાં ફેલાયેલો છે. તેમાં 7 કવિતાઓ, 3 વાર્તાઓ (તેમાંની એક તો ચિત્ર વાર્તા પણ છે.) થોડાંક ઉખાણાં, બાળ પુસ્તક પરિચય, બીલાનું શરબત બનાવવાની ચિત્ર સહિતની રેસિપિ, પતરંગા પરનો એક લેખ અને બાળકની ગમતી પ્રવૃત્તિ માટે એક પાનું પણ સમાવાયાં છે. આમ વિધવિધ પ્રકારની આંખોને, મનને ઠારે અને લલચાવે તેવી વાચન-સામગ્રીઓ છે. પાછા દરેક લખાણને અનુરૂપ અદ્ભુત રંગબેરંગી ચિત્રો તો ખરાં જ ખરાં. મલ્ટિકલરમાં છાપણી પણ ઉત્તમ.

સૌથી વધારે આનંદ તો સેફિ જ્યોર્જની વાર્તા 'શેતૂર"માં આવે છે. શેતૂરના ઝાડ પર ચડેલી બાળકીની જેમ આપણે પણ ડોલતા ડોલતા શેતૂરના ઝાડ પર ચડીએ છીએ. એક ડાળી પરથી બીજી ડાળી પર ઠેકડા મારીએ છીએ. હાથ, મોઢું, જીભ, કપડાં બધું જાબુંડિયું કરીએ છીએ. બાળકી ખિસ્સામાં શેતૂર ભરવા જાય ત્યાં તો ખેડૂકાકા દોડતા દોડતા બૂમો પાડતાં આવે છે.

ગભરાયેલી બાળકી ઝાડ પરથી જમીન પર પટકાય છે. 'ઓ મા .... મા". ખેડુકાકા તો બાળકીને પસવારે છે, શેતૂરનું ઝાડ હલાવે છે. ચોમેર શેતૂરનો વરસાદ.. ખોબે ખોબા મોં ભરીને બસ શેતૂર જ શેતૂર. આ વાર્તા તો ફક્ત અને ફક્ત ચિત્રોમાં કહેવાઈ છે.

છે ને મજા?

મિહિર "વિનુની હથોડી વાર્તા" માં હથોડીના અવાજના જગતને સુંદર રીતે ખોલી આપે છે. ' મૂંછાળી મા' -ગિજુભાઈ બધેકાની "દીકરીના ઘેર જાવા દે" વાર્તા અનેક વાર સાંભળી છે. આબિદ સુરતીનાં ચિત્રોથી વાર્તા ફરી તરોતાજા થાય છે. રમેશ પારેખ, ઉદયન ઠક્કર, મિહિર અને મિતાલી બક્ષીની મઝાની અભિનય થાય તેવી, ગવાય તેવી બાળ કવિતાઓ પણ છે. પતરંગો વિશે માહિતીપ્રદ લેખ આખા મેગેઝીનની ડિઝાઇનમાં ભાષા અને ચિત્રોની રીતે થોડોક જુદો તરી આવે છે. અહીં ભાષા બાળસહજ રહેતી નથી. જે નામથી મેગેઝિનનું નામકરણ થયું હોય. તેના વિશે વાર્તા કે કવિતા ન હોઈ શકે? ડાઘ તો ચાંદામાં પણ છે. હશે.

બાકી તો સંપાદક અને ખોજબીન મંડળીને ખોબે ખોબા ભરીને અભિનંદન પણ ઓછા છે. આ બહાને ગુજરાતી બાળસાહિત્ય ફરીથી લ